# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-07-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## P.M મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો શેર કરશે.આ માસિક રેડિયો કાર્યક્રમનો 136મો એપિસોડ હશે. આ કાર્યક્રમનું પ્રસારણ સમગ્ર આકાશવાણી અને દૂરદર્શન નેટવર્ક, AIR NEWS વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. આકાશવાણી, દૂરદર્શન, પ્રધાનમંત્રી કાર્યાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ કરશે.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

---

## વરસાદ-કચ્છ:

રાજ્ય પર સર્જાયેલી ચાર જેટલી સક્રિય વરસાદી સિસ્ટમના પ્રભાવથી સમગ્ર રાજ્ય સાથે કચ્છમાં ગઇકાલથી સાર્વત્રીક વરસાદ શરૂ થયો છે. જિલ્લાના કેટલાક તાલુકાઓમાં હળવા ઝાપટાંથી લઈને મધ્યમ વરસાદ નોંધાયો છે. જીલ્લામાં ગઈકાલે ભારે વરસાદની આગાહીની કારણે કચ્છની શાળા કોલેજોમાં રજા રાખવામાં આવી હતી. જોકે સવારે શરૂ થયેલ વરસાદે બપોર પછી મોટા ભાગના તાલુકાઓમાં વિરામ લીધો હતો.

જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળેલા આંકડા અનુસાર ગઈકાલે સાંજે 6 વાગ્યા થી આજે સવારે 6 વાગ્યા સુધી ભુજ તાલુકામાં 8 મિલિમીટર, મુંદરા અને ગાંધીધામમાં 2-2,જયારે અંજારમાં 1 મિલિમીટર વરસાદ નોંધોયો. તે સિવાય તમામ તાલુકાઓમાં આકાશ ઘેરાયેલુ રહેલુ હોવા છતાં કોઈ વરસાદ નોંધાયો નથી.

હવામાન વિભાગ દ્વારા આજે અને આવતીકાલે કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે. જોકે, 28 જુલાઈથી વરસાદની તીવ્રતામાં મોટો ઘટાડો નોંધાશે.

---

## કચ્છ વહીવટીતંત્ર:

ભુજ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં ભારે વરસાદની આગાહીને પગલે વહીવટીતંત્રની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેક્ટરે વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ પ્રાંત અધિકારીઓ અને તમામ મામલતદારો સાથે ચર્ચા કરી સરહદી સહિત તમામ તાલુકાઓમાં અતિ ભારે વરસાદની સંભાવનાને ધ્યાને રાખી આગોતરા આયોજનના નિર્દેશ આપ્યા હતા. વહીવટીતંત્રએ નાગરિકોને જોખમી રસ્તાઓ કે વરસાદી પાણીમાં ન ઉતરવા અને માર્ગદર્શિકાનું પાલન કરવા ખાસ અપીલ કરી છે. જીલ્લાના તમામ તાલુકાઓમાં અગમ ચેતીના ભાગરૂપે તમામ પ્રવાસન સ્થળોને સત્વરે બંધ કરવા સુચના આપવામાં આવી છે.તથા એન.ડી.આર.એફ અને એસ.ડી.આર.એફને એલર્ટ રહેવા આદેશ અપાયો છે.

નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે.નાગરિકો કોઈપણ મદદ માટે હેલ્પલાઇન નંબર ૧૦૭૭ અથવા ૦૨૮૩૨-૨૫૦૯૨૩ / ૨૫૨૩૪૭ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ કંટ્રોલ રૂમ શરૂ કરાયા છે, જ્યાંથી મળેલી ફરિયાદોનું ત્વરિત નિવારણ લાવવા માટે પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને સૂચના આપવામાં આવી છે.

---

## કારગિલ વિજય દિવસ:

26 જુલાઈ 1999ના દિવસે કારગિલ યુધ્ધમાં ભારતીય સેનાએ ઓપરેશન વિજય હેઠળ પાકિસ્તાનના ઘુસણખોરોને હટાવીને ભારતને જીત અપાવી હતી.તેની ઉજવણી આજે કારગિલ વિજય દિવસ તરીકે કરવામાં આવે છે.18 હજાર ફુટ ઉંચાઈ પર કારગિલમાં લડવામાં આવેલ આ યુધ્ધમાં 527 ભારતીય જવાનો શહીદ થયા હતા જયારે 1,363 જવાનો ઘાયલ થયા હતા. 63 દિવસ ચાલેલા આ યુધ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોને આજે શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

ભારતે ઝિમ્બાબ્વેને 90 રનથી હરાવી બીજી ટી-20 મેચ સાથે ત્રણ મેચની શ્રેણી બે વિરુદ્ધ શૂન્ય મેચથી જીતી લીધી છે. હરારે ખાતેની મેચમાં ભારતના 5 વિકેટે 219 રનના લક્ષ્યાંક સામે ઝિમ્બાબ્વેની ટીમ 129 રન કરી શકી હતી. અભિષેક શર્માએ સહુથી વધુ 3 વિકેટ ઝડપી હતી એ અગાઉ ભારતે 5 વિકેટ ગુમાવી 219રન કર્યા હતા. ઈશાન કિશને સહુથી વધુ 81 રન કર્યા હતા. જ્યારે તિલક વર્મા 60 રન સાથે નોટ આઉટ રહ્યા હતા.

દરમ્યાન બન્ને દેશો વચ્ચેની ત્રીજી અને અંતિમ વન ડે મેચ આજે હરારે ખાતે રમાશે. ભારતીય સમય મુજબ મેચ સાંજે સાડા ચાર વાગ્યે શરૂ થશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-રોડ રસ્તા રિપેરીંગ:

કચ્છ જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમ્યાન થયેલા વરસાદને પગલે જનજીવન પ્રભાવિત થયા બાદ હવે વહીવટી તંત્ર દ્વારા દુરસ્તીકરણની કામગીરી પૂરજોશમાં હાથ ધરવામાં આવી છે. વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓના રિપેરિંગની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. પાલિકા દ્વારા પાણી નિકાલની કામગીરી અને કચ્છના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તબક્કાવાર રીતે વિવિધ રોડનું સમારકામ કરવામાં આવી રહ્યુ છે.

---------------------------------------------------------------------------------------------